# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


**પરીપત્ર:**

**વિષય : બિન ઉપયોગી બોર શોધી કાઢી એને બંધ(સીલ) કરવા બાબત.**
**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર ક્રમાંક:પીઆરઓ/૨૦૨૪/૧૪ તા.૦૬/૦૧/૨૦૨૪**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,અધ્યાપકશ્રીઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર/ઈન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી સંસદિય બાબતો, પ્રાથમિક, માઘ્યમિક અને પ્રોઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલ પાનશેરીયા સાહેબ દ્વારા પ્રાથમિક, માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાઓ તથા મહાશાળાઓને ખુલ્લી જગ્યાઓમાં બિન ઉપયોગી બોર શોધી કાઢી એને બંધ(સીલ) કરવા અંગેના તા.૦૪/૦૧/૨૦૨૪ના આહવાન કરતા પત્ર સંદર્ભે સંદર્ભ પત્ર અનુસાર આપના ગામ, તાલુકા, નગરપાલિકા, શહેરોમાં આપણી તમામ કોલેજોની આસપાસ ખુલ્લા, બિન ઉપયોગી બોરવેલને શોધી કાઢી તેને સીલ–બંધ કરી તેની વિડીયોગ્રાફી કરી સમગ્ર રાજયમાં પ્રચાર પ્રસાર કરી એક સામાજિક જાગૃતિ લાવવાનું સામૂહિક સેવા કાર્ય કરવા અનુરોધ કરવામાં આવે છે.

ડૉ. ડી. એચ. સુખડીયા
**કા. કુલસચિવ**

**બિડાણ: સંદર્ભ પત્રની નકલ**

**ક્રમાંક :બીકેએનએમયુ/રજી/૦૬/૨૦૨૪**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ
તા : ૦૬/૦૧/૨૦૨૪

**પ્રતિ,**
**યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજાના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્ર/ભવનોના વડાશ્રીઓ તરફ...**

**નકલ રવાના :–**

1) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવ તરફ...
2) આઈ.ટી.સેલ., વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે...


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || registrar@bknmu.edu.in

૨૭
ક્રમાંક : રા.ક.મં./સં.બા./પ્રા.મા. અને પ્રૌ. શિ./ઉ.શિ./VIP-     /૨૦૨૪

**પ્રફુલ પાનશેરીયા**

સત્યમેવ જયતે

**રાજ્યકક્ષાના મંત્રી,**
**સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને**
**પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,**
**ગુજરાત સરકાર**
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : - 4 JAN 2024

પ્રિય ગુરુજનો,
(પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા મહાશાળાઓ)

આપણાં લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સેવા સાથે વિકાસનો આપણને મંત્ર આપ્યો છે. ભારતના નાનામાં નાના ગામોના કોઇપણ ખૂણે થતી સેવાઓનો "મનકી બાત"માં તેઓએ આદર સાથે ઉલ્લેખ કર્યો છે. પરિણામ સ્વરુપ ભારતમાં સવા સો કરોડ લોકો આ સેવાનો મંત્ર સ્વીકારીને, વ્યક્તિગત કે સામૂહિક રીતે, લોકહિતમાં આવા કામો કરી અનેક અનેક સેવા કાર્યો કરી રહ્યાં છે.

આપણાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજી પણ બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ છે. તેઓના દ્રષ્ટિવંત નેતૃત્વમાં આપણે સામાજિક વિકાસની નવી ઉંચાઈઓ પર છીએ ત્યારે, ભારતનું ભવિષ્ય એવા આપણાં બાળકોનું પોષણ યોગ્ય રીતે થાય અને એમનું ઘડતર સુવ્યવસ્થિત રીતે થાય, એ માટે આપણાં આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી પણ ઉમદા કામ કરી રહ્યા છે. આપણાં આ પ્રક્રિયાના દ્રષ્ટિવંત નેતૃત્વ નીચે, અદના સૈનિક તરીકે મને પણ સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યો કરવાની ઉમદા તક મળી છે ત્યારે, મારે આપ સૌને એક વિનમ્ર, લાગણીભરી અપીલ કરવી છે.

મિત્રો, ભારત દેશમાં એક મહીનો પણ એવો ખાલી નહીં જતો હોય કે, કોઈને કોઈ ખુલ્લા બોરવેલમાં બાળક પડી જવાની ઘટના સામે આવી ન હોય ! પછી આખુ તંત્ર દિવસ–રાત કામે લાગે તો પણ ઘણી જગ્યાએ બાળક ૨૦–૨૦ કલાક તડપી–તડપીને મૃત્યુ પામે છે. અરેરાટી ઉપજાવે એવી આ વાત સાંભળી, ટીવીમાં જોઇને, કરોડો લોકોની આંખો ભારે હ્રદયે વ્યથા સાથે ભીની થાય છે. વિધિની વક્તા તો એ હોય છે કે, આવા સમયે આપણે સૌ લાચાર સ્થિતિમાં બાળકને બચાવવા માટે કશું જ નથી કરી શકતા. પરિણામે બાળક પીડા અને આક્રંદ વચ્ચે પોતાનો જીવ ગુમાવે છે.

આપ સૌ ગુરુજનોને મારી વિનંતિ છે કે, આપ જે ગામમાં, તાલુકામાં, નગરપાલિકામાં કે શહેરમાં અથવા શાળાની આસપાસ કે ગમે ત્યાં આવા ખુલ્લા બિનઉપયોગી બોરવેલ જુઓ તો લોકોમાં જાગૃતતા લાવી તેને પેક કરાવો. રેતી–માટી પુરાણ કરી સમાજ માટે ઉમદા સેવાનું કામ કરો. વ્યકિતગત રીતે કે સામૂહિક રીતે આપ આગળ આવી આવા સેવાકાર્ય માટે નેતૃત્વ કરો. રાજ્યના અઢાર હજાર ગામડાઓ,

**કાર્યાલય ફોન :** ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, **ફેક્સ :** ૨૩૨ ૫૦૧૮૯
**E-mail :** mos-edu@gujarat.gov.in

પ્રફુલ પાનશેરીયા

ક્રમાંક : રા.ક.મં./સં.બા./પ્રા.મા. અને પ્રૌ. શિ./ઉ.શિ./VIP- ૯૭ /૨૦૨૪

રાજ્યકક્ષાના મંત્રી,
સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને
પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,
ગુજરાત સરકાર
સ્વર્ણિમ સંકુલ-૨, પહેલો માળ,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦

તારીખ : - 4 JAN 2024

એની શાળાઓ, કોલેજો, ગામના પરિસર કે ખુલ્લી જગાઓમાં બિનઉપયોગી આવા બોર ખોળી કાઢી, એને બંધ કરવાનું આ કામ સૌ ગુરુજનો ઉપાડી લ્યો. એક સપ્તાહ સુધી પૂરી સંવેદના સાથે આ કામ આપ કરો એવી મારી સૌને લાગણીભરી વિનંતિ છે.

સમાજમાં સૌથી ઉંચુ સ્થાન ગુરુજનનું હોય છે. આપ લોકોમાં જાગૃતતા લાવશો તો સમાજના લોકો સુધી તેની બહોળી અસર થશે. જે ગુરુજનો આવા સેવાના વ્યક્તિગત કામ કરશે, તેઓને હું વંદન સાથે અભિનંદન પત્ર મોકલીશ તથા ટેલીફોનિક કે રૂબરૂ અભિનંદન પણ પાઠવીશ.

આપને આ સામાન્ય લાગતા, પણ બહુ મોટાં પુણ્યકાર્ય માટે, હું આજ્ઞા સ્વરૂપે નહી, પણ એક માનવીય અને સંવેદનાપૂર્ણ સેવાયજ્ઞ કરવા માટે આગ્રહપૂર્વક અનુરોધ કરી રહ્યો છું. મારા આ શુદ્ધ લાગણી સાથે લખાયેલા સંદેશને આપ સ્વીકારી, એને સામાજિક જાગૃતિ અને સેવા સાથે જોડીને પુણ્યકાર્ય કરશો તો બોરમાં ફસાયેલ માસૂમ જિંદગીને મોતના મુખમાંથી બચાવી શકાશે. રાજ્યમાં અને દેશમાં વ્યર્થ ખુલ્લા રહેલ બિનઉપયોગી બોરવેલ બંધ કરવામાં આપ નિમિત્ત બનશો તો કોઈના વહાલસોયા બાળકનું જીવન બચાવવા માટે આપ નિમિત બનશો. જો આમ થશે તો આવી માતાઓના લાડકવાયા દીકરાને બચાવવાના આપને આશીર્વાદ મળશે. ઈશ્વર ખૂબ રાજી થશે.

મારા પ્રિય ગુરુજનો સાથે હું ભારતના કર્તવ્યનિષ્ઠ નાગરિકોને પણ આ બાબતે સજાગતા દાખવવા અને આવા માનવીય અને સંવેદનાપૂર્ણ કાર્ય કરવા નિમિત્ત બનવા આગ્રહપૂર્વક વિનમ્ર અપીલ કરું છું.

આપે કરેલ આ માનવીય સેવા કાર્યની વિગતો અને ફોટોગ્રાફસ આપ મને, મારા વિભાગના સરનામે પત્ર કે ઇ મેઈલથી અવશ્ય મોકલી આપશો.

આપનો,

પ્રફુલ પાનશેરીયા

કાર્યાલય ફોન : ૦૭૯-૨૩૨ ૫૦૧૯૩, ૨૩૨ ૫૦૧૯૫, ફેક્સ : ૨૩૨ ૫૦૧૮૯
E-mail : mos-edu@gujarat.gov.in

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કવટ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ગુજરાત રાજ્ય.-૩૮૨૦૧૦

સત્યમેવ જયતે

आज़ादी का अमृत महोत्सव

ક્રમાંક: પીએમાર સ્રો/૨૦૨૪/૬૪ તા. ૦૬/૦૧/૨૦૨૪

પ્રતિ,

- તમામ યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારશ્રીઓ,
- તમામ સરકારી, સેલ્ફ-ફાયનાન્સ અને ગ્રાન્ટેડ કોલેજોના આચાર્યશ્રીઓ

શ્રીમાન,

આપણા રાજ્યકક્ષાના માનનીય મંત્રીશ્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફૂલ પાનશેરીયા સાહેબે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા મહાશાળાઓને ખુલ્લી જગ્યાઓમાં બિન ઉપયોગી બોર શોધી કાઢી એને બંધ (સીલ) કરવાનું આહવાન કરતો પત્ર તારીખ 04.01.2024 ના રોજ લખ્યો છે જે આ સાથે સામેલ છે.

આપ સૌને કમિશનર શ્રી હાયર એજ્યુકેશન ની કચેરી તરફથી વિનંતી છે કે આપના ગામ, તાલુકા, નગરપાલિકા, શહેરોમાં આપણી તમામ કોલેજોની આસપાસ આવા ખુલ્લા, બિન ઉપયોગી બોરવેલ ને શોધી કાઢી તેને સીલ-બંધ કરી સમાજ ઉપયોગી સેવા કાર્ય કરો. કોલેજના આચાર્યશ્રી અને તમામ સ્ટાફ આવા ખુલ્લા અવાવરૂ બોરવેલને શોધી કાઢી, તેને સીલ-બંધ કરવાની કામગીરી કરી, તેની વિડીયોગ્રાફી કરી સમગ્ર રાજ્યમાં પ્રચાર પ્રસાર કરી એક નવી ચેતના અને સામાજિક જાગૃતિ લાવવાનું સામૂહિક સેવા કાર્ય કરવા નેતૃત્વ કરો, તેવી કમિશનરશ્રી, હાયર એજ્યુકેશન કચેરીની અમારી આગ્રહ ભરી વિનંતી છે. આપ સૌ સહજતાથી આ ઉમદા સેવા કાર્ય કરવાનું બીડુ ઝડપી લો અને એક સપ્તાહ સુધી પૂરી સંવેદના સાથે કામ કરો તેવી અમારી આપ સૌને લાગણીભરી વિનંતી છે.

આપ સૌ તો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં નમૂના રૂપ કાર્ય કરી ગુરુજનો તરીકે શ્રેષ્ઠતમ સ્થાન પર બિરાજેલા છો, જો લોકજાગૃતિ લાવશો તો સમાજના લોકો સુધી તેની વિશેષ અસર થશે. આપ આ ઉમદા કાર્ય કરી સમાજના સાચા ઋણી બનશો. માનનીય મંત્રીશ્રીને આવા સેવા કાર્યની ઝાંખી કરાવીશું અને તેઓશ્રીને આપના આ સેવા કાર્યથી અવગત કરીશું. અભિનંદન પત્ર પણ માનનીય મંત્રીશ્રી આપી આપનું અભિવાદન કરવાના છે.

આ એક યશકાર્ય છે, સેવાકાર્ય છે, પુણ્યકર્મ છે. અમારા અને માનનીય મંત્રીશ્રીના આ શુદ્ધ લાગણીથી લખાયેલા સંદેશ પત્રને સ્વીકારી માસુમ જિંદગીઓને આપણે મોતના મુખમાંથી બચાવી શકીશું. નિર્દોષ માતા-પિતાના વહાલસોયા બાળકનું જીવન બચાવી પુણ્ય કાર્યના ભાગીદાર બનીએ.

આપ સૌ ભારતના કર્તવ્યનિષ્ઠ, કટિબદ્ધ અને પ્રતિબંધ ગુરૂજનોને આ માનવીય અને સંવેદનાપૂર્ણ કાર્ય કરવાનું નિમિત્ત બનવા આગ્રહભરી વિનંતી છે. આપ આ અંગેના વિડીયો અને ફોટોગ્રાફ્સ અત્રેની કચેરીને E-mail થી મોકલશો તેવી અભ્યર્થના.

નિયામક

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

બિડાણ: માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા સાહેબનો લાગણીભર્યો વિનંતીપત્ર

ઈ મેઈલ આઈડી :- ddesta-che@gujgov.edu.in, ssesta-che@gujgov.edu.in
ફોન નંબર :- 9426843267